# સાપેક્ષ–નિરપેક્ષકદૃષ્ટિ

એકાન્ત દૃષ્ટિથી કોઈ પણ પદાર્થનું સ્વરૂપ અવલોકવાથી તેની બધી બાજુઓ દેખી શકાતી નથી. કોઈ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જોવું હોય તો સર્વ નયોની અપેક્ષાવડે જોવું જોઈએ. નયોની અપેક્ષા વિના કોઈ પણ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ કથી શકાતું નથી અને સમજી શકાતું પણ નથી. કોઈ પણ લેખક કોઇ ગ્રંથ બનાવે છે તેમાંથી તેનો આશય તો ઘણોખરો તેનાં હૃદયમાં રહે છે, તેમજ તે ગ્રંથોમાં લખવાની ઘણીખરી અપેક્ષાઓ પણ તેના હૃદયમાં રહે છે. અમેરિકા વિગેરેના કેટલાક વિદ્વાનો પણ કથે છે કે–વક્તાનું વા લેખકનું વાકય કોઈ પણ જાતની તેના હૃદયમાં રહેલી અપેક્ષા વિના શૂન્ય હોતું નથી. કોઇ વિદ્વાન્ અન્યને સમજાવતાં કથે છે કે–મારા કહેવાની વા લખવાની આ અપેક્ષા છે, મેં અમુક આશયથી કહ્યું છે વા લખ્યું છે. લેખકના આશય વા વિચારની અપેક્ષા જાણ્યા વિના અભિપ્રાય આપતાં ઘણી વાર ભૂલ થવા સંભવ છે. વિચારોનો મહાસાગર મહાન્ છે અને તેના તરંગોથી પણ અધિક અપેક્ષાઓ છે. તેઓના સંપૂર્ણ રહસ્યને જાણવાને માટે અને કોઈ પણ વિચારને અન્યાય ન મળે તે માટે નયવાદનું જ્ઞાન આવશ્યક છે. સાત નયોનું પરિપૂર્ણ જ્ઞાન કરવાથી અને સાપેક્ષવાદને સમ્યક્ પ્રકારે જાણવાથી કોઈ પણ વિચારને એકાન્ત અન્યાય મળતો નથી અને સર્વ પ્રકારના વિચારોને દર્શાવવામાં અન્ય નયોની અપેક્ષાપૂર્વક બોલવાથી કોઈ પણ નયનો તિરસ્કાર થતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. એકાન્ત ભિન્ન ભિન્ન નયોથી ઉત્પન્ન થયેલા પરસ્પર વિરુદ્ધ એવા ધર્મોમાંથી પણ સાત નયોની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાનીને સમ્યક્પણે સર્વે બાબતોનું જ્ઞાન થાય છે. એકાન્ત નયથી મિથ્યાત્વધર્મનો સ્વીકાર કરી મિથ્યાત્વમતિના જોરથી એકાન્તવાદીઓ ધર્મયુદ્ધો કરીને કર્મની વૃદ્ધિ કરે છે. સાત નયોની અપેક્ષાએ એકેક નયકથિત સર્વ ધર્મ અંગોનો જેમાં સમાવેશ થાય છે, એવું શ્રી **જૈનદર્શન** જગત્માં સર્વ ધર્મના અંગોનું સાપેક્ષતાએ પ્રતિપાદન કરતું વિજયવંત વર્તે છે.

## મહત્પુરૂષોની નિર્ભયતા

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી–સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પુરૂષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન સર્વ પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે. જેની ઉત્પત્તિ કોઈ પણ દ્રવ્યથી થતી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય? અજ્ઞાનથી અને સ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાન્તિ છે. તે જ ભ્રાન્તિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજ અનુભવપ્રમાણ સ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે અને સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org